## સંપ્રતિ મહારાજા

૧) "ભગવંત ! આપે મને ન ઓળખ્યો? હું કોણ? હું સંપ્રતિ મહારાજા નહિ!, પરંતુ ગયા ભવમાં ખાવા માટે ઘર ઘર ભટકતો, ભિખારી અને મારા જેવા પામરને પણ દીક્ષા અને અંત સમયે સમાધિદાન આપી, આ ભવમાં આપનો સેવક બનાવવાની તક આપેલ સંપ્રતિ"

૨) "મંત્રીશ્વર!.... જયાં સુધી રોજ એક નૂતન જિન મંદિરના અને જિનબિંબ ભરાવ્યાંના સમાચાર નહિ આપો, ત્યાં સુધી દાતણ – પાણી નહિં કરવાની મારે પ્રતિજ્ઞા છે. જાઓ.... સેવકોને આજ્ઞા કરો, અને મંગલ શુભ સમાચાર આપો.."

## પરમાર્હત્ મહારાજા કુમારપાળ (સંવત ૧૧૪૯ જન્મ)

૧) "હે કુલદેવી, કંટકેશ્વરી! તમારી ભલે ૫૦૦ પાડાનો વધ કરવાની આજ્ઞા હોય, પરંતુ હવે મેં જૈન ધર્મ અંગીકાર કર્યો છે. તેથી પ્રતિવર્ષની જેમ ૫૦૦ નિર્દોષ પાડાઓનો વધ કરી હું જીવહિંસાનું મહાપાપ તો નહિ જ કરું, નહિ જ કરું."

૨) "પ્રજા એક બીજાના ગળાં કાપી નાંખી ગુજરાન ચલાવે, જૂઠું બોલે, પરસ્ત્રી સંગ કરે તે તો ખરાબ છે જ પરંતુ જીવહિંસા તો સૌથી મહાપાપ છે. માટે કોઈએ હિંસા થી ગુજરાન ચલાવવું નહિં. ધંધાદારી હિંસકોએ હિંસા છોડવી અને જે છોડે તેઓને ત્રણ વર્ષ સુધી મારા રાજ ભંડારમાંથી ભરણ – પોષણની રકમ મળશે. એવું હું જાહેર કરું છું"

## કર્માશાહ

ચિત્તોડના શ્રેષ્ઠિ તોલાશાહના છઠ્ઠા નંબરના દીકરાં કર્માશાહ

૧) "બહાદૂર શાહ, મારી તો એક જ ભાવના છે કે શ્રી તરણ તારણ શ્રી શત્રુંજય તીર્થમાં મારા આદિનાથ પ્રભુજી ની પ્રતિષ્ઠા કરાવવાની બસ! આપ રાજસંમતિનો એક અનુમતિ આપતો પત્ર લખી દ્યો. અને દયાળુદાદા આદિનાથની પ્રતિષ્ઠા કરી જન્મ સાર્થક કરું."

## મહામંત્રી અભયકુમાર

૧) "પિતાજી! સિંહાસન ઉપર બેસીને આપને કોઈ વિદ્યા પ્રાપ્ત થાય નહિ. પ્રથમ ચાંડાલને સિંહાસન ઉપર બેસાડી ગુરુનો વિનય કરો તો જ વિદ્યા ચડશે, ગુરુસેવા માટે આપ નીચે બેસો અને તેમને સિંહાસન ઉપર બેસાડો."

૨) "જુઓ, નગરવાસીઓ! આ રત્નનો સુવર્ણનો અને ચાંદીના ત્રણ ઢગલા તે મનુષ્યોને આપવાના છે. જે મનુષ્ય જીવનભર અગ્નિને અડશે નહિ, સ્ત્રીને અડશે નહિં અને કાચા પાણીને અડશે નહિ. બોલો છે કોઈની તૈયારી? ત્યારે જુઓ આ કઠીયારા સાધુએ ત્રણેયનો ત્યાગ કર્યો છે. અને સંપત્તિનો પણ ત્યાગ કર્યો છે. કોટિવંદન એ મુનિ ભગવંતોને...... "

## બારવ્રતધારી પુણીયા શ્રાવક

૧) "રાજન ! તમને એક સામાયિકનું પુન્ય જોઈએ છે? પરંતુ ભગવાન મહાવીર જ નક્કી કરશે કે એક સામાયિકના બદલામાં શું મૂલ્ય ચૂકવવું પડે?""ભગવાન મહાવીર કહે છે. – શ્રેણિક, આખા જંબુદ્વીપના સોનાનો ઢગલો કરવામાં આવે તો પણ એક સામાયિકનું પુણ્ય વધે છે. "

૨) "દેવી! આજે મારું મન! સ્થિર રહેતું નથી, આવું આજે કેમ થાય છે? એનું કારણ મને સમજાતું નથી!
હા......., બરાબર છે..., માર્ગમાં અજાણ્યાં છાણાં તું અણહકના લાવી હતી એટલે જ આજે ચિત્ત સ્થિર નથી. જાઓ, છાણાં જેમના હતાં અને જ્યાં હતાં ત્યાં પાછાં મુકી આવો."

## અનાથી મુનિ

૧) "હે મગધરાજ, સમ્રાટ ખુદ તમે જ અનાથ છો તો, મારા કેવી રીતે નાથ બની શકશો?"
૨) "ઓહ, ઓ...હ કેવી ભયંકર માથાની વેદના ઉપડી છે? ખરેખર જો આ પીડાં વેદના દૂર થઈ જશે! તો આવતી કાલે હું આ અસાર સંસાર છોડી દઈશ!"
૩) "ખરેખર, દીક્ષા સ્વીકારીને નીકળેલા મારા જેવા અનાથને ભગવાન મહાવીર જેવા સાચા નાથ ન મળ્યાં હોત તો મારું શું થાત?"

## પ્રસન્નચંદ્ર રાજર્ષિ

"અરે! અરે! હું તો સાધું છું, આ સાધના– તપશ્ચર્યામાં મેં કેવા કેવા યુદ્ધના ભયંકર અને ક્રૂર વિચાર કર્યા? કેવાં કેવાં પાપો બાંધ્યા? નહિં નહિં મારે પાપોનું પ્રાયશ્ચિત્ત અને પ્રતિક્રમણ કરવું જ જોઈએ."

## શ્રી કાલિકાચાર્ય

"રાજન! હજુ સમજી જાઓ, એક સાધ્વીજીનું વાસના વશ અપહરણ કરવાથી તમે બચી નહિ શકો."

"આ ક્ષત્રિયોનો ધર્મ છે. સત્ય, ન્યાય કે ફરજ માટે બાંધછોડ કે માંડવાળ કરનારો આ કાયરોનો ધર્મ નથી."

## શ્રી ચંડરુદ્રાચાર્ય

"કેમ! (હવે બધુ બરાબર દેખાય છે?) પહેલાં બરાબર ચાલતો ન હતા. અને પરંતુ આટલા અંધારામાં તને કઈ રીતે બધું બરાબર દેખાય છે? શું જ્ઞાન પ્રગટ થયું

છે? કેવળજ્ઞાન? ઓહ! મેં કેવળજ્ઞાની એવા નૂતનશિષ્યની આશાતના કરી, હે પ્રભુ! મને ક્ષમા કરો–ક્ષમા કરો."

## શ્રી કૂરગડુ મુનિ

"અહો! આવા મહાન પર્વના દિવસે પણ હું તપ કરી શકતો નથી, પેલાં કેવા માસક્ષમણના તપસ્વી મહાત્મા અને હું કેવો ખાઉંધરો? હું એક નાનું સરખું પણ તપ કરી શકતો નથી **ધિક્કાર છે મને ધિક્કાર**"

## શ્રી ચંદનબાળા

"મૃગાવતીજી! શું કહો છો? સાપને જોઈને તમે મારો હાથ ઉંચો કર્યો! પરંતુ મૃગાવતીજી! તમને આટલા અંધારામાં, આવો કાળો કાળો સાપ દેખાય શી રીતે? ઓહ! શું તમને કેવળજ્ઞાન થયું છે? મૃગાવતીજી! મને માફ કરો,મને માફ કરો પ્રભુ મહાવીર! મને માફ કરો! મને માફ કરો"

## શ્રી રાજૂલ

૧) "મા... મા... શું તું એમ કહે છે કે, નેમ ગયા તો ભલે ગયા, તું હવે કોઈ બીજો રાજકુમાર પસંદ કરી લે. પણ નહિં નહિં મા તું હવે ફરીથી આમ ના કહીશ, હવે તો નેમકુમાર જો સંયમ લેશે, તો આ રાજૂલ પણ સંયમ જ લેશે."

૨) "ભગવંત ચોરીમાં આપે મારો હાથ ભલે ન ઝાલ્યો, પરંતુ હવેતો આપનો હાથ મારા માથે સંયમ ગ્રહણ વખતેતો મુકશોજ ને!"

## શ્રી બ્રાહ્મી – સુંદરી

"ભાઈ ભરત! તને વિનંતી કરું છું તારા પગમાં પડું છું, મોટી બહેન બ્રાહ્મી જો... પિતાજી અને ભાઈ મહારાજના પંથે જઈ રહી છે આ રાજમહેલના વૈભવ મને પણ ગમતા નથી જ. ૬૦,૦૦૦ આયંબીલ મેં દીક્ષાની રજા લેવા માટે જ કર્યા છે, ભાઈ! તું મને દીક્ષા લેવાની રજા આપ, ભાઈ! તું મને દીક્ષા લેવાની રજા આપ!"

## શ્રી સીતા

"હે સારથી! તમે રામને જઈને કહેજો કે, લોકોના કહેવાથી, તમે ભલે મારો ત્યાગ કર્યો, તમને મારા જેવી ઘણી સીતા મળશે, પરંતુ હે રામ! તમે લોકોના કહેવાથી જૈનધર્મનો ત્યાગ ક્યારેય ન કરશો. જૈનધર્મ જેવો બીજો કોઈ ધર્મ તમને મળશે નહિં!"

## શ્રી મદનરેખા

"શું તમને તલવાર જોઈએ છે? ભાઈને મારવા માટે? ના ના સ્વામી ભાઈ તમારો દુશ્મન નથી. દુશ્મન તો આપણા કર્મો જ છે. તમે... ભૂલી જાઓ આ સમસ્ત સંસારને, આ રાગ-દ્વેષ એજ તો સંસાર છે, તમે મદનરેખા પર રાગ ન રાખશો, ને... ભાઈ પર દ્વેષ ન રાખશો. આ જગતમાં કોણ કોનું છે? બોલો સ્વામી, અરિહંતે શરણં પવજ્જામિ...સિદ્ધે શરણં પવજ્જામિ...."

## શ્રી અંજના

"શું સ્વામી, તમે મને દુ:ખ દીધું? તમારા કારણે મારું અપમાન થયું? નહીં નહીં, આવું બોલી મને શરમાવશો નહિ. બાવીસ બાવીસ વરસના વિરહનું કારણ આપ નહીં... પરંતુ મારા કરેલા કર્મ જ છે. છતાં મેં આપની જીંદગીને પાનખર બનાવી. મને માફ કરો, સ્વામિ! આ અંજનાને આપ માફ કરો."

## શ્રી સુલસા

"શું કહ્યું? ત્રિશલાનંદન પ્રભુ મહાવીરે, મને ધર્મલાભ કહેવડાવ્યા છે! ઓ! આ સમાચાર સાંભળી, મારા રોમ-રોમમાં ખુશી છવાઈ રહી છે. મારા મનમાં આજે આનંદ આનંદ વ્યાપી રહ્યો છે. વંદના હોજો મારી પ્રભુવીરના ચરણોમાં... જુગ જુગ જીવો મારા વીર! જુગ જુગ જીવો મારા મહાવીર!"

## શ્રી મયણા

"સૂર્ય કદાચ પશ્ચિમમાં ઉગે, સાગર કદાચ સીમા ઓળંગે, પરંતુ સતી સ્ત્રી ક્યારેય બીજા પતિની ઈચ્છા નથી કરતી. સ્વામી આપને હું વિનંતી કરૂ છું કે આપ ભલે કોઢીયા હો, પરંતુ.. પિતાજીએ પંચની શાખે જે સોપ્યાં છે એ તમે જ મારા પતિદેવ છો પરમેશ્વર છો."

## શ્રી કુંતી

"પ્રભુ નેમિનાથ! આપને એકજ પ્રાર્થના કરું છું કે આજે ભલે અમારી ઉપર વિપત્તિના વાદળા તૂટી પડે, આજે ભલે દુ:ખના ડુંગરા ખડકાયા કરે... કારણકે... પરમાત્મા! આ ભવમાં, અમને આપની વાણીથી, કર્મ સહીએ હસતાં હસતાં, તો કર્મ સળગી જાય, કર્મ સહીએ રડતાં રડતાંતો... કર્મ વળગી જાય - એવી સુંદર સમજ અને સહન કરવાની શક્તિ મળી છે. તો કર્મનું દેવું ચૂકતે થશે."

## શ્રી ચેલ્લણા

"રાજન! બિચારા વનના નિર્દોષ હરણાઓ એ આપનું શું બગાડયું છે? કે આપ માત્ર, શિકારના શોખ ખાતર એમને મોતની સજા આપો છો? જે બીજાને મારે છે એને ખૂદ પણ રીબાઈને મરવું પડે છે, એ સત્યને પણ, આપ શું ભૂલી ગયા?"